| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૧/૦૭/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૬૯ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન અને ૭ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** નંદકિશોરસિહ નાથુસિહ રાઠોડ (ઉ.વ.૪૦) (રહે. નિર્માણ લાઈફ સ્ટાઇલ ચેનપુર ક્રોસિંગ પાસે નવા રાણીપ) એ તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોતા સિલ્વર ઓક યુનિવર્સીટીની પાછળ આવેલ ચાની કીટલી પાસે આરોપી (૧) પૃથ્વીસિંહ ઉર્ફે સન્ની ભરતસિંહ જાદવ (૨) ભરતસિંહ જાદવ (બન્ને રહે.અનેક એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર) અને (૩) કલ્પેન્દ્રસિંહ રાઠોડ (રહે. અનેક એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર) એ મિત્રતા કેળવી ત્રણેય એ ભેગા મળી નંદકિશોરસિહ રાઠોડને નોકરી અપાવવાની લાલચ આપી તેમજ પોતાને ધંધામા આર્થિક નુકશાન થયેલ હોવાનુ જણાવી માહે જાન્યુઆરી/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન હાથ ઉછીના રૂપિયા ૬,૭૨,૫૦૦/- લઈ જઈ તે પૈકી ટુકડે-ટુકડે ૧,૬૯,૫૦૦/- પરત આપી બાકીના રૂપિયા ૫,૦૩,૦૦૦/- આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.સુસરા ચલાવે છે.

**રાણીપ**ઃ મિહીર પ્રકાશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે. સંગીતા સોસાયટી રાણીપ અર્બન હેલ્થ સેન્ટર પાસે રાણીપ) એ તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૪/૨૦૨૩ રોજ આરોપી મોબાઇલ નંબર ૭૪૧૭૩૪૪૫૪૯ ના ધારકે ઇન્સટાગ્રામમાં ઇન્વેસ્ટમેન્ટ કરી ઉંચુ કમીશન આપવાની વાત કરી વિશ્વાસમાં લઈ મોબાઇલ ઉપર અલગ-અલગ ટાસ્ક મોકલી આપી તે ટાસ્ક પુરા કરવા સારૂ મિહીર પ્રજાપતિ પાસે અલગ અલગ યુ.પી.આઇ.આ.ડી. માં રૂપિયા ૧,૬૪,૪૯૨/- ભરાવડાવી કમિશન નહી આપી તેમજ જમા કરાવડાવેલ રૂપિયા ૧,૬૪,૪૯૨/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ગોહીલ ચલાવે છે.

**નરોડા**ઃ વિરલ સ/ઓ હર્ષદભાઈ ઠકકર (ઉ.વ.૨૬) (રહે. માધવવૃંદ ફ્લેટ, હીલોની ૪૪૪ ની બાજુમાં હરીદર્શન રોડ નરોડા) એ તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૩૫૨૩૯૪૨૭૨ ના ધારકે ફેસબુક માર્કેટ પ્લેસમાં વૉલટાસ કંપનીનું ડોઢ ટનનું એ.સી કિમત રૂપિયા ૨૪,૦૦૦/- માં વેચવાની જાહેરાત મુકતા વિરલ ઠક્કરને એ.સી. લેવાનુ હોઈ, ફોન ઉપર સંપર્ક કરતા તેઓએ મોટા એ.સી.ડીલીવરીના વેપારી તરીકે ઓળખ આપી વિશ્વાસમાં લઈ ઓનલાઈન રૂપિયા ૪૮,૦૦૦/- ટ્રાન્ઝેકશન કરાવી એ.સી.ની ડિલિવરી નહી કરી આપેલ પૈસા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જે.ભાટીયા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૩

**કૃષ્ણનગર**ઃ રવિકુમાર બાબુભાઇ પ્રજાપતિ (રહે.સવેરા સાનિધ્ય ઇમ્પીરીયલ સર્કલ દેવસ્ય ઇન્ટર નેશનલ સ્કુલ પાછળ નવા નિકોલ) એ તા.૧૦/૦૭/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૦૭/૦૭/૨૦૨૩ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન તિરૂપતી કોમ્પલેક્ષ સરદાર ચોક દુકાન નંબર-૧૧૮ ઓફીસના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

## મંદિરમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સિટી**ઃ જયેશભાઈ હરિભાઇ સેવક (રહે. સહજાનંદ એવન્યુ, AEC પાસે, નારણપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સુર્ય કુટીર ફ્લેટ સામે બીનાલી બિલ્ડીંગની બાજુમાં નારણપુરા ખાતે આવેલ ખોડિયાર માતાજીના મંદિરની લોખંડની જાળી તોડી અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી મંદિરની દાનપેટી તોડી તથા મંદિરના ગર્ભગૃહના કબાટમાંથી રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગાભાભાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૩**

**સેટેલાઇટઃ** સંગીતા જયંતીભાઇ પટેલ (ઉ.વ.૫૪) (રહે. અક્ષર એપાર્ટમેન્ટ આઇ.સી.આઇ.સી.આઇ બેંકની ગલીમા સરદાર સેન્ટર સામે વસ્ત્રાપુર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંગીતા પટેલ તા.૦૭/૦૭/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે જોધપુર ચાર રસ્તા થી બી.આર.ટી.એસ બસ નંબર-૮ મા બેસી સ્ટાર બજાર બી.આર.ટી.એસ બસ સ્ટોપ સુધીની મુસાફરી દરમ્યાન બસમાં બેસેલ ચાર મહીલા અને બે પુરૂષોએ ભેગા મળી નજર ચુકવી સંગીતા પટેલના લેડીઝ પર્સમાંથી નાનુ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૩૩,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**ત્રિજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૦/૨૦૨૩**

**વેજલપુરઃ** ગણપતભાઇ ગાંડાભાઇ વાઘેલા (ઉ.વ.૪૮) (રહે. ગોકુલધામ એપાર્ટમેન્ટ વેજલપુર પોલીસ ચોકી પાસે વેજલપુર) તા.૦૯/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાની ગેલેરીની ચોકડીમા હાથ ધોવા જતા પગ લપસી જતા ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૭/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૩**

**નારોલઃ** નારોલ શાહવાડી પીપળજ રોડ અનુપમ ક્રિએશન પાસે શીતલ ડાયકેમ કોર્પોરેશન નામની કંપનીમા રહેતા અને ત્યા જ કામ કરતા હરેશભાઇ કાળાભાઇ નાડીયા (ઉ.વ.૪૩) (મુળ વતન.ગામ-બુટાલ તા-ધનસુરા જી-અરવલ્લી) તા.૧૦/૦૭/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે કંપનીમા મિઠું દળવાનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૨/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** રવિકુમાર અંબાલાલ વાઘેલા (ઉ.વ.૩૩) (રહે. નહેરૂનગરનાં છાપરાં લાલ બંગલા હાટકેશ્વર અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૦/૦૭/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન ૪/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

**નિકોલઃ** જાગર સ/ઓ મુકેશભાઇ પટણી (ઉ.વ.૨૦) (રહે. અટલ એપાર્ટમેન્ટ લાલકૃષ્ણ ફ્લેટ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને કોઠિયા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

**ઈસનપુરઃ** મોનિકાબહેન વા/ઓ આશિષભાઈ ધીરેન (ઉ.વ.૩૨) (રહે. ગીરીરાજ ફ્લેટ રબારીવાસની અંદર માનસી સોસાયટીની બાજુમાં ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૧૦/૦૭/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી